# ૮ (૪) ઢીંગલી-રમકડાં

## ૧. પ્રસ્તાવના

### અ. ઉપયોગીતા :-

ઢીંગલીનો ઉપયોગ ખાસ કરીને મધ્યમ કે ઉચ્ચ વર્ગના લોકોના ઘરમાં આવેલ  શો કેઈસ શોભાવવાનું હોય છે. પ્રાચીનકાળથી ચાલી આવતી પ્રથામાં ઘર/મકાનને આ તરીકે સુશોભન કરવા નવા નવા નુસ્ખાઓ અમલમાં આવતા હોય છે.

ખાસ કરીને હવેના મકાનોમાં શો કેઈસ એ દિવાન ખંડનું એક ઘરેણું ગણાય છે, અને તેને વિવિધ રમકડા ઢીંગલી જે વિવિધ પહેશવેશથી સજાવેલ હોય છે. તેનુ સ્થાન આ શો કેઈસમાં હોય છે. આ વોલપીસ પર પણ મૂકવામાં આવે છે.

### બ. બજાર અને બજાર વ્યવસ્થા :-

ઢીંગલી તથા તેના આનુંસાંગિક ચીજો જેવી કે વોલપીસ, તોરણ, કાર મસ્કેટ વિગેરેનું વેચાણ

બજાર હસ્તકલા કારીગરી એકત્ર કરનારા શોખીન મધ્યમ કે ઉચ્ચવર્ગના લોકોમાં હોય છે. જેનુ વેચાણ હસ્તકલા વિકાસ નિગમ ગ્રીમકો કે પ્રદર્શનના વેચાણ સ્ટોલ પ્રોવીઝન તથા કટલરી સ્ટોર્સ દ્વારા કરી શકાય.

ક. ધારણાઓ :-

૧ સાહસિક કલા ડ્રોઈંગ તથા અનુભવી ઉપરાંત નવી નવી ફેશન અનુમાનો કરનાર અને હસ્તકલાનો હસ્તી હોવો જોઈએ.

૨ જીલ્લા કે તાલુકા મથકના સ્થળોએ આ ઉદ્યોગ સારી રીતે ચાલી શકે.

૩ ઉત્પાદિત ચીજ વ્યાપારી ધોરણની હસ્તકલાના નમૂના મુજબ ગણત્રીમાં લેવામાં આવેલ છે.

૨. ઉત્પાદન પ્રક્રિયા :-

કાપડમાંથી સિલાઈ કરી ઢીંગલી બનાવવામાં આવે કે લાકડાની તૈયાર ઢીંગલી પર સુશોભિત ડ્રેસ પહેરાવી તેમાં મણકાની માળા ચોટાડવી. આભુષણો (ઇમીગ્રેસનના) ચોટાડવા કલરકામ કરી તેની સુંદરતા વધારવી વિગેરે ઢીંગલી બનાવટની પ્રક્રિયાઓ છે.

૩. ઉત્પાદન ક્ષમતા :-

ઉત્તમ પ્રકારની ઢીંગલી માસિક ૨૦ નંગ તથા વોલપીસ માસિક ૧૦ નંગ તથા નાના રમકડા ૨૫ નંગ બનાવી શકે.

૪. પરવાના અંગેની ખાસ જરૂરીયાત :-

આ ઉદ્યોગ માટે કોઈ પરવાનાની જરૂરીયાત નથી.

૫. સ્થાયી મૂડી રોકાણ :-

અ. જમીન/મકાન

ઉદ્યોગ માટે ૧૫૦ ચો.ફુટની જગ્યા જોઈએ. જે સામાન્ય રીતે માલિક રૂ. ૨૦૦/-ના ભાડાથી મળી રહે.

બ. પ્લાન્ટ/મશીનરી/સાધનો/ડાઈઝ ટુલ્સ વિ.

| અ.નં. | મશીનરીનું વર્ણન | સંખ્યા | કિંમત (રૂ.) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | સીલાઈ મશીન મોટર વગર. | ૧ | રૂ. ૧,૫૦૦/- |
| (૨) | પ્લાસ્ટર ઓફ પેરીસ ફેસ ડાય. | ૧ | રૂ. ૪૦૦/- |
| (૩) | કાતર નાની મોટી સાઈઝમાં | ૩ | રૂ. ૨૦૦/- |
| (૪) | વર્કિંગ ટેબલ | ૧ | રૂ. ૧૫૦૦/- |
| (૫) | નાના મોટા ઓજારો જેવા કે પક્કડ, સ્ક્રુ, | | |

ડ્રાઈવર, હથાડી, ઘોડો, કટર વિગેરે. ૫૦૦/-

કુલ રૂ. ૪,૧૦૦/-

**ક. ઓફીસ ફર્નીચર વિ.:-**

ખુરશી, કબાટ, સ્ટુલ-૨ રૂ. ૨,૪૦૦/-

**૬. કુલ સ્થાયી મૂડી રોકાણ :-** રૂ. ૬,૫૦૦/-

**૭. ચાલુ મૂડી (કાર્યકારી ભંડોળ) :-**

કાચોમાલ જેવોકે ફેન્સી કાપડ, રંગીન દોરા, કોકડી, કેશવાળ, અલગ અલગ ચોટલા ફેવીકોલ, થર્મોશેલ વિગેરે. રૂ. ૨,૪૦૦/-

**૮. કુલ મૂડી રોકાણ :-** રૂ. ૯,૫૦૦/-

**૯. બેંકલોન (પ્લાન્ટ/મશીનરી તથા કાર્યકારી ભંડોળ) :-**

બેંક લોન ૩ માસના મોરેટોરીયમ પીરીયડ બાદ ૩૬ માસિક હમાથી ભરપાઇ કરવાની રહે. વ્યાજનો દર ૧૨ ટકા ગણેલ છે. રૂ. ૯,૫૦૦/-

**૧૦. આવર્તક ખર્ચ (ઉત્પાદન ખર્ચ) માસિક :-**

| | |
|---|---|
| અ. કાચોમાલ | રૂ. ૧,૦૦૦/- |
| બ. પગાર ખર્ચ | |
| ૧ વ્યકિત x ૨૦ દૈનિક x ૨૫ દિવસ | રૂ. ૫૦૦/- |
| ક. પાવર ફયુઅલ ખર્ચ | રૂ. ૫૦/- |
| ડ. બેંકનો હમો વ્યાજ સાથે | રૂ. ૧૯૦/- |
| ઇ. પેકીંગ ખર્ચ | રૂ. ૨૫/- |
| ફ. ઘસારા ખર્ચ | રૂ. ૫૦/- |
| જ. રીપેર, સ્ટોર્સ, અન્ય વપરાશી વસ્તુ વિ. | રૂ. ૫૦/- |
| ઝ. મકાન ભાડું | રૂ. ૨૦૦/- |
| ઈ. અન્ય | રૂ. - |
| **કુલ આવર્તક ખર્ચ** | **રૂ. ૨,૦૬૫/-** |

**૧૧. કુલ વેચાણ (માસિક) :-**

| | |
|---|---|
| ઢીંગલી - ૩૦ નંગ | રૂ. ૨,૪૦૦/- |
| વોલપીસ - ૧૦ નંગ | રૂ. ૪૫૦/- |
| નાના રમકડાં - ૨૫ નંગ | રૂ. ૨૫૦/- |

**૧૨. નફાતોટાનો અંદાજ (માસિક) :-**

| | |
|---|---|
| કુલ વેચાણ માસિક | રૂ. ૩,૧૦૦/- |
| બાદ : માસિક આવર્તક ખર્ચ | રૂ. ૨,૦૬૫/- |
| ચોખ્ખો નફો માસિક | રૂ. ૧૦૩૫/- |

**૧૩. અન્ય વિગત :-**

ઢીંગલી આકર્ષક બનાવવા સાહસિક ઇચ્છે તો વડોદરા ખાતે આવેલ ડાયમંડ જ્યુબીલી કોટેજ ઇન્ડસ્ટ્રીઝ ઇન્સ્ટીટ્યુટ માંથી ટુંકા ગાળાની તાલીમ મેળવી વધુ નિપુણતા હાંસલ કરી શકે.

**૧૪. કાચામાલના ઉત્પાદકો/વિતરકો :-**

ઢીંગલી બનાવવા માટેનો તમામ પ્રકારનો કાચામાલ જીલ્લા મથકેથી સહેલાઇથી ઉપલબ્ધ થઇ શકે તેમ છે.

**૧૫. મશીનરી/સાધનો/ડાઇઝટુલ્સના ઉત્પાદકો/વિતરકો :-**

**ડ્રેસ ડાય માટે =**

(૧) ભડશાયરે બંધુ ગણપતિ કારખાના, બાબજીપુરા,દત્તવાડીગોવિંદભુવન પાસે,વડોદરા.

(૨) નારાયણ ગુરવ, ગણપતી કારખાના, શાસ્ત્રી બાગ પાસે પંડિતનો વાડો વડોદરા.